# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

## !! પરિપત્ર !!

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વિવિધ કચેરીઓના કર્મચારીઓ દ્વારા થતી રજૂઆતો તથા અન્ય વહીવટીય બાબતોના પત્ર-વ્યવહારની નકલ માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રીને પાઠવવાનુ ધ્યાને આવેલ છે, જે વહીવટીય દ્રષ્ટિએ યોગ્ય નથી. જ્યાં કુલપતિશ્રીની કચેરીને સંલગ્ન બાબત હોઇ ત્યાં જ કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રીને નકલ આપવાની રહે છે.

બિનજરૂરી પત્રો તથા રજૂઆતની નકલો કુલપતિશ્રી/કુલપતિશ્રીના રહસ્યસચિવને જે તે કચેરીના વડા/કર્મચારીઓ દ્વારા મોકલવામાં ન આવે તે બાબતની તકેદારી તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓએ લેવા જણાવવામાં આવે છે. પરંતુ, જે પત્રોની રજૂઆત સંબંધિત યુનિવર્સિટી અધિકારીને/યુનિટ વડાને થયા બાદ કોઇ નિરાકરણ ન આવેલ હોય અને આ બાબતે ફરી વખતની રજૂઆત જો માન.કુલપતિશ્રીના ધ્યાને લાવવાની હોય તેવા પત્રોની જ નકલ કુલપતિશ્રીના રહસ્યસચિવને આપવા આથી સૂચના આપવામાં આવે છે.

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની સૂચના અનુસાર જારી કરવામાં આવે છે. જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.આકૃયુ/રજી/એડીએમ-૩/ ૮02 /૧૫
તા. 9-૨-૨૦૧૫

કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ

(૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.

(૨) યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા પરિપત્રની વિગતો કર્મચારીઓના ધ્યાને લાવી અમલ કરાવવા સારૂ.

(૩) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ પ્રસ્તુત પરિપત્ર એ.એ.યુ.ની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.